GJJM110004412024

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૬/૦૨/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખ | ૨૬/૦૨/૨૦૨૪ | | |
| નિર્ણય તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૦ | ૧૯ |

## (નમુનો :– અ)

| | | |
|---|---|---|
| **કાલાવડના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એચ.આર.ખમલ સાહેબની કોર્ટમાં, મુ.કાલાવડ, જી.જામનગર** | | |
| **ચુકાદાની તારીખ** | : | ૧૬/૦૩/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૪૦૧/૨૦૨૪ |
| **પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર. નંબર** | : : | કાલાવડ પો.સ્ટે.ગુ.ર.નં. : ૧૧૨૦૨૦૩૦૨૩૦૩૫૮ |
| **ગુનો** | : | ઈ.પી.કો.કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ. |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | (મુળ ફરીયાદી : સુનીતાબેન ડો/ઓ. ગુરુમુખદાસ દામા ) | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | ડી.ડી.કારીયા | |
| **આરોપી** | : | **૧.** | **દયાબેન ભીમજીભાઈ મકવાણા**<br>ઉ.વ.આ.૨૭, ધંધો: સમાજ સેવા,<br>રહે હેલીપેડ સોસાયટી, તા. કાલાવડ, જી.જામનગર |
| **આરોપીના વિ.વકીલ શ્રી** | : | | એચ.આર.જાડેજા |

## (નમુનો :– બ)

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૧૪/૦૮/૨૦૨૩ |
| **ફરીયાદની તારીખ** | : | ૧૪/૦૮/૨૦૨૩ |
| **ચાર્જશીટની તારીખ** | : | ૨૬/૦૨/૨૦૨૪ |
| **ચાર્જફ્રેમની તારીખ** | : | ૨૬/૦૨/૨૦૨૪ |

| | | |
|---|---|---|
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૩૧/૦૭/૨૦૨૪ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૧૬/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૧૬/૦૩/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | – |

**: આરોપીની વિગત :**

| નં. | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાન/ નિર્દોષ | સજા | Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દયાબેન ભીમજીભાઈ મકવાણા | ૧૨/૯/૨૩ | ૧૨/૯/૨૩ | ઈ.પી.કો. કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ. | નિદોર્ષ | –– | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| અનુ નં | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૯ | સુનીતાબેન ડો/ઓ. ગુરમુખદાસ દામા | ફરીયાદી |
| ૨ | ૧૨ | કાજલબેન ગણેશભાઈ ખાણધર | સાહેદ |
| ૩ | ૧૩ | રમેશભાઈ મનજીભાઈ ગોંડલીયા | સાહેદ |
| ૪ | ૧૫ | પ્રીતેશભાઈ મનસુખભાઈ નશીત | સાહેદ |
| ૫ | ૧૬ | આબીદભાઈ હુશેનભાઈ દગડી | સાહેદ |
| ૬ | ૧૭ | નીરેનભાઈ વલ્લભભાઈ સંકાણી | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ૨૦ | વનરાજભાઈ ધનજીભાઈ ઝાપડીયા | ત.ક.અ |

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| નં | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરિયાદ |

## -: ચુ કા દો :-

### (૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:-

ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા. ૧૪/૮/૨૩ ના રોજ કાલાવડ કોર્ટ માં. ક. ૨૦/૨૦ આસપાસ અગાઉની કોર્ટ મેટર બાબતે કાલાવડ કોર્ટમાં નવાગામના ભરતભાઈ દેવશીભાઈ રાઠોડ તથા આરોપી વિરૂઘ્ધમાં ફરીયાદ દાખલ કરાવવા માટે આવેલ હોય તે બાબતની જાણ આરોપીને થતા આરોપીએ ફરીયાદીને જાહેરમાં જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી તુ કેમ અમારા વિરૂઘ્ધમાં ફરીયાદ કરવા આવેલ છે હુ તને માર મારીશ અને તને જામનગર જીવતી પહોંચવા નહી દઉ તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ હોય તે અંગેની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરતાં તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ રજુ કરેલ.

### (૨) આરોપી હાજર થતા અદાલતે અનુસરેલી કાર્યવાહી:-

આ કામે આરોપીઓને અત્રેની કોર્ટ ધ્વારા સમન્સ કરતા આરોપી અત્રેની કોર્ટમાં હાજર થતા તેઓને ક્રી.પ્રો.કો.કલમ-૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપી સામે આક્ષેપીત ગુન્હાની જોગવાઈ ઘ્યાને લઈ આંક-૦૩ થી તહોમતનામુ ફરમાવી, આંક-૦૪ આરોપીઓની પ્લી લેવામાં આવતાં, આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરતાં આ કામે આરોપીએ સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી.

(૩) ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સંદર્ભે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ની જોગવાઈ મુજબનું આરોપીનાં વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરીયાદપક્ષ નો પુરાવો તેઓ ની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત નો સ્વીકાર કરેલ છે.જયારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનાં ઈન્કારભર્યા જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈનકાર કરેલ છે અને વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે તેવી રજુઆત કરેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તેમજ બચાવપક્ષે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. મૌખિક દલીલનું પુનરાવલોકન ન થાય તે હેતુથી યોગ્ય મુદાના નિર્ણય સમયે ધ્યાને લેવામાં આવેલ છે.

(૪) **<u>નિર્ણય માટેના મુદાઓ:–</u>** આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આ કામના ફરીયાદી અગાઉની કોર્ટ મેટર બાબતે કાલાવડ કોર્ટમાં નવાગામના ભરતભાઈ દેવશીભાઈ રાઠોડ તથા આરોપી વિરૂઘ્ધમાં ફરીયાદ દાખલ કરાવવા માટે આવેલ હોય તે બાબતની જાણ આરોપીને થતા આરોપીએ ફરીયાદીને જાહેરમાં જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી તુ કેમ અમારા વિરૂઘ્ધમાં ફરીયાદ કરવા આવેલ છે હુ તને માર મારીશ અને તને જામનગર જીવતી પહોંચવા નહી દઉ તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ હોય જે આરોપીએ ભારતીય દંડ સં હીતાની કલમ–૨૯૪(ખ), ૫૦૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) **મુદાઓનો નિર્ણયઃ–** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના હવે પછી તુરંત ચર્ચા કર્યાનાં આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**// નિર્ણય અંગેના કારણો //**

- **મુદ્દા નંબર–૧,૨:–**

(૬) ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. એટલું જ નહિં, ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવાના રહે છે જેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવાનો રહે છે અને તે પણ શંકાથી પર પુરવાર કરવાનો રહે છે.

(૭) ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ સંદર્ભે આરોપી વિરૂધ્ધના આક્ષેપો સંદર્ભે ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવો જરૂરી બને છે.

(૭.૧) ઉપરોકત, ફરીયાદ ની હકીકત સંદર્ભે, સૌપ્રથમ ફરીયાદ પક્ષે **આંક–૦૯** થી આ કામ ના **ફરીયાદી** સુનીતાબેન ગુરમુખદાસ દામા ને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની પોતાની સોગંદ પર ની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૪/૦૮/૨૦૨૩ ના રોજ તેઓ તથા કાજલબેન ખાણધાર તેઓ બન્ને જણા કાલાવડ કોર્ટમા અગાઉની મેટરમા નીવેદન આપવા માટે આવેલા ત્યારે ચાલુ કેસમા તેઓના વકીલ કાજલબેનને ફોન આવેલો. ત્યારબાદ તેઓનુ કામ પતાવી કોર્ટની બહાર નીકળા અને તે સમયે દયાબેન અને અન્ય પાંચ ઈસમો તેમને તેઓ વિરુધ્ધ ફરિયાદ કેમ કરવા આવેલ છો એ બાબતે જીવતી જવા ન દઉ તેવી ધમકી આપેલી અને તેમના હાથમા કોઈ વસ્તુ હોય જેના વડે તેઓને મારવા જતા ત્યારબાદ પોલીસ વચ્ચમાં

આવી જતા આ સીવાય અન્ય કોઈ બનાવ બનેલ નહીં અને ત્યાંથી તેઓ ઉપરકોત બનાવ અંગે ફરિયાદ લખાવા માટે ગયેલા.

ત્યારબાદ, બચાવપક્ષી ઉલટતપાસ માં ફરીયાદી સાહેદએ કથનોનો સ્વીકાર કરે છે કે, હું બાર ચોપડી ભણેલ છુ, મને લખતા વાંચતા આવડે છે, આ કામની બનાવની ફરિયાદ કાલાવડ તાલુકા પો સ્ટેમા લેખીત અને મૌખીક બનને આપેલી, પોલીસ સ્ટેશન કોર્ટથી ૫ મીનીટના રસ્તા ઉપર છે, આ કામની ફરિયાદમા તેઓ બોલતી ગઈ અને પોલીસવાળા સાહેબ લખતા હતા, તેઓએ લખીને કોઈ ફરિયાદ પોલીસને આપેલ નહીં, પોલીસે બનાવ બનયા બાદ રાત્રે દશ વાગ્યે તેઓની ફરિયાદ લીધેલી, બનાવ પહેલાથી તેઓ દયાબેનને ઓળખુ છુ, તેઓએ ભરતભાઈ તુલસીભાઈ રાઠોડ વિરુધ્ધ ફરિયાદ કરેલી છે, તેઓ કાલાવડ પો સ્ટેમા અનેક અરજીઓ કરેલી છે, તેમને ધ્રોલના એડવોકેટ વિરુધ્ધ ફરિયાદ કરેલી છે, આ કામના ફરિયાદ બાદ આરોપી દયાબેન સાથે બીજી કોઈ ફરિયાદ કરેલ નથી. તે બાબતે તેઓ સ્વૈચછાએ જણાવે છે કે આરોપી મને સમાધાન કરવા વારવાર દબાણ કરે છે. વધુમાં, સ્વીકાર કરે છે કે, તેઓની ધમકીની કોઈ બીજી ફરિયાદ આરોપી સામે કરેલ નથી, તેઓએ તેમની ફરિયાદ મા અન્ય પાંચ ઈસમો બાબતે લખાવેલ નથી. વધુમાં, એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવ બન્યા ની પહેલાથી મારે કોર્ટમા આવવા જવાનુ થાય છે, મારે આ બનાવ પહેલા આ કામના આરોપી અને ભરતભાઈ સાથે મનદુખ છે, તેઓએ તેમની ફરિયાદમા એવુ લખાવેલ નથી કે આરોપીના હાથમા હથીયાર હતુ જેના વડે તેઓ તેમને મારવા માટે આવેલા, આ કામના આરોપી દયાબેન આપ માં તાલુકા પંચાયતના સદસય તરીકે ચું ટાયેલા છે, આરોપી રાજકીય કારકીદી ખતમ કરવા આર્થીક ગેર લાભ લેવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

**(૭.૨)** ફરીયાદ પક્ષે **આંક–૧૨** થી **સાહેદ** કાજલબેન ગણેશભાઈ ખાણધરને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેઓની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા ૧૪/૮/૨૦૨૩ ના રોજ તેઓ તથા સુનીતાબેન કાલાવડ મુકામે કેસ દાખલ કરાવા માટે આવેલ હતા. જે ફરિયાદ તેમને અગાઉ જે બનાવ બનેલો હતો તે અંગે અત્રેની કોર્ટમા નીવેદન આપવા માટે આવેલા.

બનાવ ના દીવસે નામ કોર્ટમા નીવેદન લખાવી તેઓ તથા સુનીતાબેન સાંજના સવા છએક વાગ્યે નામ કોર્ટની બહાર નીકળેલા ત્યારે ભરતભાઈ દેવસીભાઈ રાઠોડ તથા દયાબેન જે બન્નેના વિરુધધ ફરિયાદ અંગે જુબાની આપવા માટે સુનીતાબેન આવેલ હોય ત્યારે દયાબેને સુનીતાબેનને જાન થી મારી નાખવાની ધમકી આપ્લી અને કહેલ કે '' તમે જામનગર નહીં પહોંચવા દઈ'' એવી ધમકીઓ આપેલી. ત્યારબાદ તેઓ તથા સુનીતાબેન કાલાવડ પો સ્ટેમા હાલના બનાવ વિશે આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ લખાવા માટે ગયેલા હોવાનુ જણાવેલ છે .

ત્યારબાદ, બચાવપક્ષી ઉલટતપાસ માં સાહેદએ કથનોનો સ્વીકાર કરે છે કે, તેઓના અસીલ સુનીતાબેનને નવાગામના ભરતભાઈ રાઠોડ સામે કેસ ચાલુ છે અને તે બાબતે મનદુખ ચાલે છે. એ વાતની તેઓને ખબર નથી કે તેઓના અસીલ સુનીતાબેન`ભરતભાઈ વિરુધ્ધ અનેક અરજીઓ કરેલ છે કે કેમ? એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવના દીવસે તેઓના અસીલ સુનીતાબેનને આ કામના આરોપી દયાબેને જાનથી મારી નાખવાની ધમકી આપ્લ હોય ''તમે જામનગર નહીં પહોંચવા દઈ''તે હકીકત તેઓ ખોટી જણાવતા હોય. એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા ભરચક વિસ્તાર છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ કોર્ટ પર કામ પતાવી કોર્ટ ની બહાર નીકળતા હતા ત્યારથી તેઓની સાથે પોલીસ હતી. એ વાતનો સ્વીકાર કરે છે કે, કોર્ટ દ્રારા અમોને પોલીસ પ્રોટેકશન આપ્લુ અમારી સાથે બે થી ત્રણ પોલીસ કર્મચારીઓ હતા. એ વાતની તેઓને ખબર ન હતી કે તેઓના અસીલ સુનીતા બેન કોર્ટમા દયાબેનના વિરુધ્ધ ફરિયાદ કરવા આવેલ છે કે કેમ? એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપી દયાબેનની ઓળખાણ મને મારા અસીલ સુનીતાબેને કરેલી. તેઓ સ્વૈચછાએ જણાવે છે કે દયાબેને જાતે કીધેલ કે તેઓ દયાબેન છુ. બનાવના સમાયે ૪૦ થી ૫૦ ઈસમો ભેગા થઈ ગયેલા. એ વાતનો ઈન્કાર કરે છે કે આવો કોઈ બનાવ બનેલ ના હોય તેઓને અસીલ સુનીતબેને ફરિયાદ કરેલી હોય જેની ફરિયાદના સમર્થનમા સોગદ ઉપર ખોટી જુબાની આપતા હોય. એ વાતનો ઈન્કાર કરે છે કે પોલીસે તેઓનુ લખાવ્યા મુજબનુ નીવેદન લીધેલ નથી.

એ વાતનો ઈન્કાર કરે છે કે સરતપાસમા ખોટી હકીકત જણાવી આરોપી ની ખોટી ઓળખાણ આપી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૭.૩) આ કામે **આંક–૧૩ થી સાહેદ** રમેશભાઈ મનજીભાઈ ગોંડલીયા ને તપાસવમાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને બનાવ વિશે કઈ જાત માહીતી ન હોય જેથી તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય જેથી તેઓને ફરીયાદપક્ષ ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આ સદરહું સાહેદોની વિગતવાર ઉલટ તપાસ કરતા ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી એક પણ વિગત બહાર આવતી નથી.

(૭.૪) આ કામે **આંક– ૧૫ થી સાહેદ** પ્રીતેશભાઈ મનસુખભાઈ નશીતને તપાસવમાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને બનાવ વિશે કઈ જાત માહીતી ન હોય જેથી તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય જેથી તેઓને ફરીયાદપક્ષ ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આ સદરહું સાહેદોની વિગતવાર ઉલટ તપાસ કરતા ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી એક પણ વિગત બહાર આવતી નથી.

(૭.૫) આ કામે **આંક– ૧૬ થી સાહેદ** આબિદ હુશેનભાઈ દગડી ને તપાસવમાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને બનાવ વિશે કઈ જાત માહીતી ન હોય જેથી તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય જેથી તેઓને ફરીયાદપક્ષ ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આ સદરહું સાહેદોની વિગતવાર ઉલટ તપાસ કરતા ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી એક પણ વિગત બહાર આવતી નથી.

(૭.૬) આ કામે **આંક–૧૭ થી સાહેદ** નીરેનભાઈ વલ્લભભાઈ સંકાણીને તપાસવમાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓને બનાવના દિવસે દુકાને હોય તેઓને બનાવ વિશે કઈ જાત માહીતી ન હોય જેથી તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય જેથી તેઓને પ્રોસ્કિયુશન ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આ સદરહું સાહેદોની વિગતવાર ઉલટ તપાસ કરતા ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી એક પણ વિગત બહાર આવતી નથી.

(૭.૭) ત્યારબાદ, ફરીયાદ પક્ષે **આંક–૨૦** થી સદર ગુનાની **તપાસ કરનાર અમલદાર** વનરાજભાઈ ધનજીભાઈ ઝાપડીયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તેઓની સરતપાસમાં જણાવે છે કે, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૪/૦૮/૨૦૨૩ ના રોજ તેઓ પો.હે.કો તરીકે કાલાવડ ટાઉટ પો.સ્ટે માં બજાવતા હતા તે દરમિયાન ફરીયાદી સુનીતોબન ગુરમુખદાસ દામા દવારા આરોપી દયાબેન મકવાણા રહે કાલાવડ વાળા વિરૂધ્ધ તેઓના રૂબરૂની લીધેલ ફરીયાદ પરથી પી.એસ.ઓ એ ગુન્હો દાલખ કરી ગુના રજી. નં . ૩૫૮/૨૦૨૩ થી આઈ.પી.સી ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો ગુનો દાખલ કરી આ કામની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લઈ તેઓએ બનાવની આજુબાજુમાં આવેલ દુકાનો વાળા સાહેદોને નીવેદનો લીધેલા તેમજ આરોપીને નોટીસ આપેલ અને આરોપી હાજર થતા આરોપીને અટક કરી જામીન મુકત કરેલ ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા અત્રેની કોર્ટ માં ચાર્જશીટ કરેલ. તપાસ દરમ્યાન તેઓએ સાહેદ નં. ૨ કાજલ બેન ગણેશભાઈ ખાણધર, સાહેદ નં. ૩, રમેશભાઈ મનજીભાઈ ગોંડલીયા, સાહેદ નં.૪ પ્રીતેશભાઈ મનસુખભાઈ નશીત, સાહેદ નં.૫ આબીદભાઈ હુશેનભાઈ ડગરી તથા સાહેદ નં. ૬ નીરેન વલ્લભભાઈ સાંગણી ના નીવેદન લીધેલા.

ત્યારબાદ, બચાવપક્ષી ઉલટતપાસ માં સાહેદએ કથનોનો સ્વીકાર કરે છે કે, બનાવ વાળી જગ્યાની આજુબાજુ દુકાનો તથા રહેણાક વિસ્તાર આવેલ છે. બનાવવાળી જગ્યાની આજુબાજુમાં સીસીટીવી કેમેરા લગાવેલા છે. એ વાતનો ઈન્કાર કરે છે કે ફરીયાદને અનુરૂપ સાહેદોના નીવેદનો જાતે લખી લીધેલ હોય એ વાતની તેઓને ખબર નથી કે આ કામના આરોપી તથા ફરીયાદી વચ્ચે અગાઉ કોઈ ઝગડો થયેલ હોય. એ વાતનો ઈન્કાર કરેલ છે કે , આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૮) ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામના ફરિયાદી તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તથા તેમના વકીલ શ્રી કાજલ બેન ખાણધર નામ. કોર્ટમાં તેમનુ કામ પતાવીને બહાર નીકળતા હતા

ત્યારે આ કામના આરોપી દયાબેન તથા અન્ય ૫ ઈસમો તેમના વિરૂઘ્ધ ફરીયાદ કેમ કરવા આવો છો એ બાબતે જીવતી જવા ન દવ તેવી ધમકી આપેલી અને તેમના હાથમાં કોઈ વસ્તુ હોય તેના વડે માર મારવા જતા પોલીસ વચ્ચે આવી જતાં તે સિવાય કોઈ બનાવ બનેલ નહી હોવાની હકીકત જણાવેલ છે. વિશેષમાં તેઓ જણાવેલ છે કે પોલીસે બનાવ સમયે વિડીયો ઉતારેલ અને આ કામના આરોપી તેઓને બનાવ બન્યા બાદ વારંવાર ધમકી આપતા હોવાની પણ હકીકત જણાવેલ છે. સદર હકીકતો ની યર્થાતતા અંગે આ કામે ફરીયાદી એ પોલીસ રૂબરૂ આપેલ ફરીયાદી ઘ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીએ કોર્ટ ની સામેની શેરી માં તેઓની પાછળ આવી ને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલવા લાગેલ અને કહેલ કે તું કેમ અમારા વિરૂઘ્ધ માં ફરીયાદી કરવા આવેલ છે અને તને માર મારીશ અને તને જામનગર જીવતી પહોંચવા નહી દવ તેમ કહી ને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને બાબતનો વીડીયો ઉતારેલ. આમ, ફરીયાદી એ ફરીયાદ તથા સોગંદ પર આપેલ મૌખિક પુરાવા માં અનેક વિરોધાભાસ કથનો રેકર્ડ પર ફલીત થયેલ છે. ફરીયાદીએ હાલ ની ફરીયાદ માત્ર આરોપી પર નામજોગ ફરીયાદ ની હકીકતો ના આક્ષેપો સાથે કરેલ છે જયારે ફરીયાદીએ પોતાના મૌખિક પુરાવામાં હાલ ના આરોપી દયાબેન તેમજ તેઓ સાથે રહેલ અન્ય ૫ ઈસમો એ તેઓએ તેમના વિરૂઘ્ધ ફરીયાદ કેમ કરવા આવો છો એ બાબતે જીવતી જવા ન દવ તેવી ધમકી આપેલી હોવાની હકીકત જણાવેલ છે. જેથી ખરેખર ફરીયાદી ને આક્ષેપિત ધમકી હાલ ના આરોપીએ આપેલ છે કે તેમની સાથે આવેલ અન્ય ૫ ઈસમો એ આપેલ છે તે અંગે શંકા ઉપજી આવે છે અને જેથી સદર હકીકત નિ:શંક પણે ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૮.૧) વધુમાં, હાલ ના ગુન્હા ની તપાસના અંતે ત.ક.અ દ્વારા માત્ર હાલ ના આરોપી વિરૂઘ્ધ જ ચાર્જશીટ દાખલ કરેલ છે. તે સીવાય અન્ય કોઈ વ્યકિતઓ ની કોઈ સંડોવણી પણ તપાસ દરમ્યાન ફલીત થયેલ નથી. વધુમાં બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉ.ત.માં તેઓએ એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, તેઓએ કાલાવડ પો.સ્ટેમાં અનેક અરજીઓ કરેલ છે. વધુમાં તેઓ એવુ કથન પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોતાની ફરીયાદમાં અન્ય ૫ ઈસમો બાબતે કોઈ વિગત લખાવેલ નથી. આમ, ફરીયાદી ખુદ પોતાની ઉ.ત.માં

એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ અન્ય ૫ ઈસમોની કોઈ હકીકત ફરીયાદમાં લખાવેલ નથી. જેથી ખરેખર આ કામના આરોપી સાથે અન્ય પાંચ ઈસમો આવેલ હતા કે કેમ અને તેઓએ શા માટે ૫ ઈસમો વિરૂધ્ધ કોઈ ફરીયાદ કરેલ નથી તે અંગે કોઈ યોગ્ય ખુલાસો ફરીયાદીએ રજુ કરેલ નથી. વધુમાં, ફરીયાદીએ જણાવેલ છે કે તેમના હાથ માં કોઈ વસ્તુ હોય જેના વડે તેમને મારવા જતા પોલીસ વચ્ચમાં આવી જતા અન્ય કોઈ બનાવ બનેલ નથી. પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદી એ પોતાની પોલીસ રૂબરૂ ની ફરીયાદ માં જણાવેલ નથી. વધુમાં, ફરીયાદી ના કથન મુજબ બનાવ સમયે પોલીસ વચ્ચે આવી જતા અન્ય કોઈ બનાવ બનલ નહી. પરંતુ તે સમયે કઈ પોલીસ વ્યકિત ત્યા આવેલ ? તેવી કોઈ હકીકત જણાવેલ નથી તેમજ ફરીયાદપક્ષે આવા કોઈ પોલીસ સાહેદ ને પણ પોતાના સમર્થન માં તપાસી શકેલ નથી. જેથી સદર કથનો અંગે પણ શંકા પ્રેરીત થયેલ છે. જેથી સદર હકીકત પણ કોઈ સ્વતંત્ર સાહેદ ના પુરાવા ના અભાવે પુરવાર થતી નથી.

(૮.૨) વધુમાં, ફરીયાદી એ પોતાના મૌખિક પુરાવા ના સરતપાસ માં જણાવેલ છે કે બનાવ અંગેનો વીડીયો પોલીસ ઉતારેલો. પરંતુ આવો કોઈ વિડીયો તપાસ કરનાર અમલદાર ધ્વારા કબ્જે કરેલ નથી. ઉપરાંત, ફરીયાદી એ તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે આરોપી તેમને આ કામના બનાવ બન્યા બાદ વારંવાર ધમકી આપેલ છે. પરંતુ, આ બાબતે ફરીયાદી એ આરોપી વિરૂધ્ધ તે અંગે કોઈ ફરીયાદ કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં, બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન તેઓએ એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે તેઓ બોલતા ગયેલ અને તેવી રીતેના પોલીસ વાળા લખતા હતા. આમ, તેઓએ બનાવ સંબંધ આપેલ ફરીયાદ તેઓના લખાવ્યા મુજબ જ હોવાનું સ્પષ્ટ થાય છે છતા પણ, ફરીયાદી ના મૌખિક પુરાવા મુજબ અનેક વિરોધાભાસ હકીકતો રેકર્ડ પર સ્પષ્ટ થયેલ છે ત્યારે ફરીયાદીએ આપેલ ફરીયાદ કોઈ માનવાલાયક પુરાવા થી સ્પષ્ટ પણે પુરવાર થતી નથી. વધુમાં, ફરીયાદી એ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ આરોપી ને બનાવ પહેલા થી ઓળખે છે. જેથી આરોપી ની ઓળખ બાબતે તકરાર રહેતી નથી.

(૮.૩) ત્યારબાદ ફરીયાદપક્ષ દવારા ફરીયાદીની ફરીયાદ મુજબ તેઓની સાથે રહેલ તેમના વકીલ શ્રી કાજલબેન ગણેશભાઈ ખાણધરને આંક–૧૨ થી તપાસેલ છે. જેઓ પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે તેઓ તથા આ કામના ફરીયાદી સુનીતાબેન કોર્ટની બહાર નીકળતા આ કામના આરોપીએ સુનીતાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને કહેલ કે તને જામનગર નહી પહોંચવા દવ. આમ, ફરીયાદીએ તથા તેમની સાથે હાજર રહેલ તેમના વકીલ શ્રીએ ધમકી અંગે આપેલ વિગત મુજબ વિરોધાભાષ જણાય આવે છે. ફરીયાદીના કથન મુજબ આ કામના આરોપીએ તેઓને જીવતી જવા ન દવ તેવી ધમકી આપેલ હોવાની હકીકત સોગંદપર જણાવેલ છે જયારે તેમની સાથે હાજર રહેલ તેમના વકીલશ્રી સાહેદ કે.જી.ખાણધર ના કથન મુજબ તમને જામનગર નહી પહોંચવા દવ હોવાની હકીકત સોગંદ પર જણાવેલ છે. આમ, બન્ને ધમકી અંગેના કથનોમાં વિરોધાભાષ જણાય આવે છે. વધુમાં હાલના સાહેદની ઉ.ત દરમિયાન તેઓએ એ કથનનો સ્વીકાર કરેલ છે કે બનાવ વાળો વિસ્તાર ભરચક વિસ્તાર છે અને તેઓની સાથે પોલીસ પણ હતી. આમ, હાલના સાહેદ કે જેઓ ફરીયાદીના વકીલ શ્રી હોય અને તેમની સાથે બનાવ સમયે સાથે હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ ફરીયાદીએ પોતાના મૌખિક પુરાવા દરમિયાન જણાવેલ ધમકીની હકીકતને હાલના સાહેદે સમર્થન આપેલ નથી. વધુમાં, હાલ ના સાહેદ નાઓએ પણ તેઓએ જણાવેલ ધમકી આ કામના આરોપી એ આપેલ હોવાનું જણાવેલ છે. જયારે ફરીયાદીએ ખુદ આરોપી તથા તેમની સાથે રહેલ અન્ય પાંચ ઈસમો ધ્વારા આપેલ હોવાનું જણાવેલ છે. જેથી ખરેખર આ કામના આરોપીએ ફરીયાદીને કોઈ જાન થી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ જણાય આવતુ નથી કે ફરીયાદપક્ષ તે અંગેની હકીકત નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં, હાલ ના સાહેદે જણાવેલ છે કે બનાવ સમયે ૪૦ થી ૫૦ માણસો ભેગા થઈ ગયેલા પરંતુ આવા કોઈ સ્વતંત્ર સાહેદો નો પુરાવો રેકર્ડ પર ફરીયાદ પક્ષ લાવી શકેલ નથી.

(૮.૪) તે સિવાય ફરીયાદપક્ષ દવારા અન્ય સાહેદોને તપાસેલ છે જે તમામ સાહેદો બનાવ અંગે કોઈ જાત માહિતી ધરાવતા ન હોવાનુ કથન કરેલ છે. જેથી આ તમામ સાહેદોને ફરીયાદપક્ષ દવારા ફરી ગયેલા જાહેર કરેલ છે. આમ, ફરીયાદપક્ષને તેઓની

ફરીયાદ સંબંધે બનાવ બનેલ હોવાની હકીકતને કોઈ સ્વતંત્ર સાહેદનુ સમર્થન મળતુ નથી. ત્યારબાદ, ફરીયાદ પક્ષ ધ્વારા સદર ગુન્હા ની તપાસ કરતા અમલદાર વી.ડી.ઝાપડીયા ને તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ પર ની જુબાની માં તપાસ દરમ્યાન કરેલ રૂટીન મુજબ ની કામગીરી નું વર્ણન કરેલ છે. ત્યારબાદ, બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન, તેઓ એ સ્વીકારેલ છે કે બનાવ વાળી જગ્યાની આજુબાજુ દુકાનો તથા રહેણાંક વિસ્તાર આવેલ છે, બનાવ વાળી જગ્યા ની આજુબાજુ સી.સી.ટી.વી કેમેરા લગાવેલ છે. આમ, સદર આક્ષેપિત બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા હોવાનું ફલીત થાય છે પરંતુ ફરીયાદી પક્ષે તપાસેલ તમામ સ્વતંત્ર સાહેદો એ ફરીયાદ મુજબના બનાવ ની હકીકતો ને સમર્થન આપેલ નથી ત્યારે આક્ષેપિત બનાવમાં ખરેખર શુ બનેલ ? કોણે-કયા વ્યકિત ને શુ કહેલ કે શું ધમકી આપેલ ? તે અંગે ના મહત્વ ના સવાલો નિ:શંક પણે પુરવાર થતા ન હોય ત્યારે આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય નહી. વિશેષમાં, ફરીયાદ પક્ષ ધ્વારા અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા પણ પોતાના સમર્થન માં રજુ કરેલ નથી.

(૯) આમ, ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવા મુજબ આ કામના આરોપી એ કોઈ જાહેર સ્થળે કે તેની નજીક માં કોઈ અશ્લીલ શબ્દો કે કથનો ઉચ્ચારેલ હોય તેમજ ફરીયાદીને તેની શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા અંગે ધમકી આપેલ હોય તે અંગેના કોઈ તત્વો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં, આવી ધમકીથી ફરીયાદીની ભયભીત કરવાના ઈરાદાથી અથવા તો પોતાની કાનુની અધિકાર હોય તેવુ કૃત્ય ન કરે તેવા ઈરાદાથી આપવામાં આવી હોય કે મૃત્યુ નીપજવવાની કે મહાવ્યથા કરવાની આપેલ હોય તે અંગેના કોઈ તત્વો ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવા ઉપર થી જણાય આવતા નથી. વધુમાં નામદાર વડી અદાલતોના અનેક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ તે માત્ર ધમકી આપવાથી ગુનો બનતો નથી, ફરીયાદપક્ષ દવારા સદર ધમકી જાનથી મારી નાખવાની કે ગં ભીર મહાવ્યથા પહોંચાડવા બાબતની ધમકી આપવામાં આવી હોય તેવો પુરાવો રજુ કરવો અનિવાર્ય રહે છે.

**(૧૦)** વધુમાં, આ કામે હાલના આરોપી સામે ફરીયાદપક્ષ દ્વારા ભારતીય દંડ સંહિતા ની કલમ–૫૦૬(૨) મુજબના ગુનાનો પણ આક્ષેપ મુકવામાં આવેલ છે પરંતુ, સદરહુ ગુના કયારે સાબિત થયેલ ગણાય તે અંગે, નામદાર ગુજરાત હાઈકોર્ટનો **૨૦૦૭ (૧) જી.એલ.એચ. ૩૩૭ '' પ્રવિણભાઈ બી. વણકર વિ. ગુજરાત રાજય''** નો ચુકાદો ધ્યાને લેતા, તેમા ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૬(૨) ના ગુન્હા માટે, આપવામાં આવેલ ધમકી વાસ્તવિક તથા ગંભીરતા પૂર્વકની તથા ધમકી અપાયેલ વ્યકિતના મનમાં ગભરાટ ઉભો કરતી હોવી જોઈએ અને તેના કારણે, તે વ્યકિત તેનું કાર્ય કરતાજ અટકી જાય તેવી હોવી જોઈએ, તેવુ ઠરાવેલ છે. આમ, આ કામે પણ જયારે રેકર્ડ પરથી આ કામના કયા આરોપીએ ફરીયાદપક્ષના કયા સાહેદને ચોકકસ શું ગાળો આપેલ કે, ચોકકસ શું ધમકી આપેલ તે હકિકત પણ જયારે ચોકશપણે રેકર્ડ પર સાબિત થયેલ નથી, તે સંજોગોમાં ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ, સદરહુ ગુના અંગેના કોઈ તત્વો પણ ફરીયાદપક્ષે નિશંકપણે આ કામના આરોપીઓ સામે રેકર્ડ પર સાબિત કરવામાં આવેલ નથી. આમ, આ કામે ઉપરોકત સમગ્ર ચર્ચા કર્યા મુજબ, જયારે ફરીયાદ પક્ષના સાહેદોની જુબાની પરથીજ, સદરહુ બનાવ ક્યા કારણસર બનેલો ?, બનાવ વખતે આરોપી તથા તેની સાથે કોઈ સ્થળ પર હાજર હતુ કે, કેમ ? તેમજ બનાવ વખતે ખરેખર શું બનેલુ? અને કહેવાતા બનાવમાં કયા આરોપીએ શું ભાગ ભજવેલ?, તે તમામ મહત્વની હકીકતો બાબતે જ્યારે કોઈ માનવા લાયક પુરાવો રેકર્ડ પર આવતો નથી ત્યારે ફરીયાદ પક્ષના કેસ અંગે રેકર્ડ પર પ્રબળ શં કાઓ ઉદ્‌ભવેલ છે, તે સંજોગોમાં પણ, ફરીયાદ પક્ષના કેસ અંગે ઉદ્‌ભવેલ શંકાનો લાભ ક્રિ મીનલ જ્યુરીસ્પ્રુડન્સ મુજબ આરોપીઓને મળવાપાત્ર છે. ફરીયાદપક્ષે કરેલ પુરાવાઓથી આરોપીને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૧)** આમ, હાલ ના આરોપી ધ્વારા આક્ષેપિત ફરીયાદ મુજબ આરોપીએ ફરીયાદીને જાહેરમાં જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી તુ કેમ અમારા વિરૂધ્ધમાં ફરીયાદ કરવા આવેલ છે હુ તને માર મારીશ અને તને જામનગર જીવતી પહોંચવા નહી દઉ તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું કોઈ માનવાલાયક પુરાવા થી સાબિત

થતુ નથી. આમ, ફરીયાદપક્ષ જયારે તેના સકારાત્મક પુરાવાથી, આ કામના આરોપીઓ સામે આક્ષેપિત ગુનાનું તહોમત શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તે સંજોગોમાં, મુદ્દા નંબર–૧નો નિર્ણય નકારમાં આપી, મુદ્દાનંબર–૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી ને ભારતીય દંડ સંહિતા ની કલમ–૨૯૪(ખ), ૫૦૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) અન્વયે આ કામના આરોપીએ રૂ.૫૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ હજાર પુરા ) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૧૬ મી, માહે : માર્ચ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૬/૦૩/૨૦૨૬
કાલાવડ.

**( હર્ષદ રાજાભાઈ ખમલ )**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કાલાવડ.
**(જજ કોડ નંબર – GJ01749)**